# મહેક

**સંપાદક**

**ધ્રુવી અમૃતીયા**

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ

**Mahek**

Druvi Amrutiya

©લેખકશ્રી

**મહેક**

ધ્રુવી અમૃતીયા

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૦

નકલ : ૧૦૦૦

**કિંમત : રૂા. ૩૦/-**

**આવરણ**

દિપ્તી ચૌહાણ, બાકરોલ

**સજાવટ**

ગુર્જરી સાહિત્યાલય, ડાકોર

**મુદ્રક**

ચરોતર સાહિત્યાલય, નડીયાદ

**પ્રકાશક**

**એમ.એમ.સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ.

 મહેક

# શ્રુતિને........

જીવનમાં મનુષ્યને ડગલેને પગલે અનેકવિધ અવનવી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. આ ઓચિંતી આવી પડેલી મુશ્કેલીઓ સામે કેમ ઝઝૂમવું? અને જીવનને આનંદની ક્ષણોથી કેમ મહેકતું રાખવું...કંઇ આવા પ્રશ્નોને લઈને ‘‘મહેક’’ સુવિચાર સંકલનનું કાર્ય હાથ પર ધર્યું હતું. જેને એમ.એમ.સાહિત્ય પ્રકાશને સાર્થક કર્યું હોવાથી આ ક્ષણ આનંદની લાગણી અનુભવાય છે. શાળા મહાશાળા તેમજ કૉલેજ અને વ્યક્તિગત જીવનમાં અનેક રીતે આ પુસ્તક ઉપયોગી હોવાનો મને વિશ્વાસ છે. અસ્તુ.

**ધ્રુવી અમૃતિયા**

૩૯૮, બાગેશ્રી બંગલા
મંગલેશ્વર, લીલાશા કુટિયા પાછળ
આદિપુર (કચ્છ)
મો.૯૩૭૭૫ ૫૯૪૯૪

## સુભાષિતો

(૧) આપવામાં આવે તે લેવું, દાન અધ્યયન, તપ, અહિંસા, સત્ય, ગુસ્સો ન કરવો અને યજ્ઞ કરવો એ આઠ ધર્મની નિશાનીઓ છે. સત્ય હોય ત્યાં જ ધર્મ હોય છે.

(૨) પ્રાણીઓની હિંસા ન કરવી અથવા ના છૂટકે અલ્પહિંસાથી આજીવિકા ચલાવવી એ શ્રેષ્ઠ ધર્મ છે.

(૩) અધર્મરૂપવાળો ધર્મ, અને ધર્મરૂપવાળો અધર્મ ડાહ્યા માણસે જાણવો જોઇએ. સ્થળ અને સમય મુજબ અધર્મ પણ ધર્મ બને છે તેથી ધર્મ અવસ્થા પર આધાર રાખે છે.

(૪) માલિક ધાર્મિક હોય તો અધર્મ પણ ધર્મ બને છે.

(૫) સામાન્ય માણસોના ધર્મ કરતાં શક્તિશાળીઓનો ધર્મ જુદો હોય છે. વળી મનુષ્ય માટે આપદ્‌ધર્મ જુદો હોય છે.

(૬) મનુષ્યે પોતાનો ધર્મ પ્રયત્ન કરીને સેવવો જોઇએ.

(૭) ધર્મ વડે જ ધન પ્રાપ્ત થાય છે. ધર્મ વડે અર્થ અને કામ બન્ને મળે છે.

(૮) અહિંસા જ શ્રેષ્ઠ ધર્મ છે. ખરાબ માણસ તરફ હિંસા એ ધર્મ છે.

(૯) ધર્મ આચારમાંથી પેદા થાય છે. આચારનો આશરો લઇ ધર્મને ભોગવી શકાય છે.



(૧૦) દયા એ શ્રેષ્ઠ ધર્મ છે.

(૧૧) યજ્ઞ, અધ્યયન, દાન, તપ, સત્ય, ક્ષમા કરવી, સંયમ રાખવો અને લોભ ન કરવો એ આઠ ધર્મના રસ્તા છે.

(૧૨) ધર્મ એકલપંડે આચરવો જોઇએ.

(૧૩) ચોક્કસ કારણ હોય તો જ ધર્મ પાળવાની ઇચ્છા કરવી જોઇએ.

(૧૪) જીવનની કોઈ ખાતરી ન હોવાથી યુવાનીમાં જ ધર્મ પાળવો જોઇએ.

(૧૫) મૂર્ખ શૂરવીર હોય તો પણ ધર્મને જાણી શકતો નથી.

(૧૬) ધર્મનું તત્ત્વ જાણવું સરળ નથી. ખરાબ બુદ્ધિવાળો, અસંયમી અને અવિનયી ધર્મને જાણી શકતો નથી.

(૧૭) દંડ કે શિક્ષા એ જ ધર્મ છે.

(૧૮) ધર્મ પ્રામાણિકતાથી તરત જ મળે છે.

(૧૯) ધન જ શ્રેષ્ઠ ધર્મ છે. ધર્મથી ધન વધે છે. ધનથી ધર્મ થઇ શકે છે અને કામ પણ મળે છે.

(૨૦) ધર્મ આચરે ત્યારે જ જ્ઞાન સાર્થક બને છે.

(૨૧) ધર્મ એકલો પરલોકમાં મદદગાર છે.

(૨૨) પાળવામાં આવેલો ધર્મ આપણને પાળે છે માટે તે પાળવા જેવો છે.

(૨૩) કશાના વિરોધ વગરનો ધર્મ ખરો ધર્મ છે.

(૨૪) ધર્મને પાળનાર પાકટ બુદ્ધિનો છે અને તે નાશ પામતો નથી.

(૨૫) ધર્મ દિવસના આરંભમાં પાળવો જોઈએ.

(૨૬) ધર્મનો નાશ કરી અધર્મનો ફેલાવો કરનાર ખતમ કરવા લાયક છે.

(૨૭) ધર્મનું સ્વરૂપ સૂક્ષ્મ અને નિપુણ વડે જણાય તેવું છે. ગુરુસેવા અને જ્ઞાન વિના ધર્મને જાણી શકાય નહીં.

(૨૮) ધર્મનું મૂળ ચારિત્ર્ય છે.

(૨૯) ધર્મ ન હોય તેવું કામ હિતકારી નથી.

(૩૦) રાજા ધર્મનું સેવન કરવા માટે છે.

(૩૧) ધર્મ પ્રધાન કાર્યો જ કરવાં જોઈએ.

(૩૨) ધર્મ, અર્થ અને કામ સમાન ભાવથી સેવવાં ઉત્તમ છે.

(૩૩) ધર્મ વડે રાજ્ય મેળવનાર અને પાલન કરનાર રાજાને સંપત્તિ મળે છે.

(૩૪) ધર્મ પર કાબૂ રાખનારો રાજા ચક્રવર્તી બને છે.

(૩૫) ધર્મબુદ્ધિ રાખવાથી સતત ઉન્નતિ મળે છે.

(૩૬) ધર્મમાં શ્રેષ્ઠ સુખ રહેલું છે, ધર્મમાં દુઃખની માત્રા થોડી છે.

(૩૭) ધર્મ શ્રેષ્ઠ ઉપાય છે.



(૩૮) ધર્મ માટે યુદ્ધ કરનારા ક્ષત્રિયને કલ્યાણ મળે છે.

(૩૯) ધર્મ પ્રજાને ધારણ કરે છે અર્થાત્ ટકાવી રાખે છે.

(૪૦) ધર્મ બળને અનુસરે છે તેથી બળવાન માને તે જ શ્રેષ્ઠ ધર્મ ગણાય છે.

(૪૧) ઈશ્વરની કૃપા હોય તો ધર્મ આચરી શકાય છે.

(૪૨) ન્યાયથી કમાયેલી વસ્તુનું શ્રદ્ધાપૂર્વક દાન કરવું એ શ્રેષ્ઠ ધર્મ છે.

(૪૩) પોતાના પર કાબૂ ધરાવનારો જ ધર્મ કે અધર્મનો નિર્ણય કરી શકે છે.

(૪૪) ધર્મ એકઠો કરવામાં પત્ની જેવી શ્રેષ્ઠ મદદગાર કોઈ નથી.

(૪૫) લોકો શિક્ષાના ભયથી ધર્મ પાળે છે.

(૪૬) શત્રુઓને હરાવનારા રાજાને ધર્મ અને કીર્તિ મળે છે.

(૪૭) ભગવાન અવનતિ પામેલા ધર્મનું સંસ્થાપન કરવા અવતાર લે છે.

(૪૮) બ્રહ્મચર્ય જ શ્રેષ્ઠ ધર્મ છે. એનાથી મોક્ષ પ્રાપ્ત થાય છે.

(૪૯) મન અને ઈન્દ્રિયોની એકાગ્રતા શ્રેષ્ઠ ધર્મ છે.

(૫૦) જ્યાં ધર્મ છે ત્યાં જ વિજય છે.

(૫૧) જીવતો માણસ ધર્મ મેળવી શકે છે.

(૫૨) રાજાના ધર્મોમાં બધા ધર્મો સમાઈ જાય છે.

(૫૩) શક્તિશાળીએ જ ધર્મ પાળવો જોઈએ.

(૫૪) ધર્મનો જાણકાર માફી અને શિક્ષા, દાન અને દાન ન આપવું, ડર અને નીડરતા, દમન અને દયા બન્ને કરી શકે છે.

(૫૫) ઈશ્વરના માટે ધનનો નાશ કરનારા હણવા લાયક છે. ઈર્ષ્યા ધર્મના આચરણનો નાશ કરે છે.

(૫૬) ધર્મનું અપમાન કરનારો હાનિ મેળવે છે.

(૫૭) રાજાના ભય અને માનને લીધે ધર્મ પાળવામાં આવે છે.

(૫૮) યુદ્ધમાં શૌર્ય બતાવનાર ક્ષત્રિય જ ધર્મનો જાણકાર છે.

(૫૯) ધર્મ નાશ પામતો નથી.

(૬૦) પત્નીનું બધાં સ્થળે રક્ષણ કરવું એ નમાલા પતિનો પણ ધર્મ છે.

(૬૧) સારી રીતે બજાવેલા બીજાના ધર્મ કરતાં ગુણ વગરનો પોતાનો ધર્મ પાળવો વધુ સારો છે. બીજાનો ધર્મ ભય લાવનારો છે.

(૬૨) સત્યથી ધર્મનું રક્ષણ થાય છે.

(૬૩) ધર્મથી લડનારા સામે ધર્મથી લડવું જોઈએ, કપટથી લડનારા સાથે કપટથી લડવું.

(૬૪) પૈસો પૈસાને તાણી લાવે છે. તેથી ગરીબ માણસને માટે ધન





મેળવવું શક્ય નથી.

(૬૫) શ્રમ વિના ધન મળતું નથી.

(૬૬) ધન ધર્મ પાળવાથી મળે છે, ધનનું મૂળ ધર્મ છે અને ધનનું ફળ કામ છે.

(૬૭) ધન માણસનું ચાકર નથી, માણસ ધનનો ચાકર છે.

(૬૮) ધનની હંમેશાં આવક થવી એ સંસારનું અગત્યનું સુખ છે.

(૬૯) ધનથી ધર્મ, કામ અને મોક્ષ મળે છે. ધનથી જ જીવનની યાત્રા ચાલે છે.

(૭૦) ઈન્દ્રિયો પર કાબૂ વગરનો માણસ ધનનો વૈભવ ગુમાવે છે.

(૭૧) બીજા મનુષ્ય પાસેથી ધન મેળવવા તેનાં કાર્યો અધૂરાં રાખવાં જોઈએ.

(૭૨) શિક્ષા થશે અથવા ધન મળશે એ કારણે જ બધાં કાર્યો થાય છે.

(૭૩) ધન મેળવવામાં નામ કમાનારનો જ જન્મ સફળ છે.

(૭૪) ધન ગુરુની સેવા, વૃદ્ધની સેવા અને જ્ઞાન વગર મળતું નથી.

(૭૫) ધન વગરના માણસનું શત્રુ વડે અપમાન સૌથી વધુ દુઃખદ છે.

(૭૬) બુદ્ધિશાળી માણસનું ધન વધે છે અને સંયમથી મજબૂત બને છે.

(૭૭) ઓછા ધનવાળો માણસ ખરેખર દુર્બળ છે.

(૭૮) ધન હોય તો જ માણસની ગણના થાય છે. ધનવાળો જ પાકટ બુદ્ધિનો છે.

(૭૯) ખરાબ બુદ્ધિવાળા, અસંયમી કે અવિનયી મનુષ્યો ધનની બાબતમાં કોઈ નિર્ણય લઈ શકતા નથી.

(૮૦) મનુષ્યે દિવસના વચલા ભાગમાં ધન મેળવવાની પ્રવૃત્તિ કરવી જોઈએ.

(૮૧) ઈન્દ્રિયોના સુખમાં આસક્ત મનુષ્ય 'કામચારી' છે અને ઈન્દ્રિયને જીતી લેનાર મનુષ્ય 'બ્રહ્મચારી' છે.

(૮૨) કામમાં આસક્ત માણસ ગમે તે ખરાબ કાર્ય કરે છે.

(૮૩) કામ શરમનો નાશ કરે છે.

(૮૪) કામ એ નરકનું એક વિનાશક બારણું છે તેથી તેનો ત્યાગ કરવો જોઈએ.

(૮૫) કામ એ અર્થ (ધન)નું ફળ છે. ધન વડે જ કામ મળે છે.

(૮૬) દિવસના અંતિમ ભાગમાં મનુષ્યે કામનું સેવન કરવું જોઈએ.

(૮૭) કામનાઓને ભોગવવાથી કામ ક્યારેય શાંત થતો નથી.

(૮૮) ભૂતકાળમાં થઈ ગયેલા કે વર્તમાનમાં રહેલા માણસોમાંથી કોઈ પણ કામનો અંત પામ્યું નથી.

(૮૯) બ્રાહ્મણનું શરીર કામ માટે નહીં, તપ, દુઃખ અને મોક્ષ માટે



જન્મે છે.

(૯૦) કામથી મળતું સુખ તૃષ્ણા નાશ પામવાની સુખ સામે કસી વિસાતમાં નથી.

(૯૧) કામના આવેગને સહન કરનારો માણસ યોગી અને સુખી છે.

(૯૨) મનુષ્ય જ્ઞાનથી મોક્ષ પામે છે.

(૯૩) દેવી સંપદ્ મોક્ષ આપે છે અને આસુરી સંપદ્ બંધનમાં નાખે છે.

(૯૪) પુત્ર અને પશુઓમાં આસક્ત અને ધનધાન્યની ચિંતામાં ડૂબેલો મૂરખ મોક્ષના સુખને સુખ માનતો નથી.

(૯૫) ધન આપવાથી મોક્ષ મળતો નથી, જ્યારે શરીર આપવાથી મોક્ષ મળે કે ના પણ મળે.

(૯૬) સંસારનો ત્યાગ કરવાથી મોક્ષ નથી મળતો.

(૯૭) આત્માનું કલ્યાણ સાધનારને બધાં કાર્યોની સફળતા અને મોક્ષ મળે છે.

(૯૮) શાસ્ત્રોના નિયમો મુજબ વર્તન કરવાને બદલે સ્વેચ્છાએ વર્તનારને મોક્ષ મળતો નથી.

(૯૯) એકાંત સ્થળે પડેલું પારકાનું ધન ન લેનાર સ્વર્ગમાં જાય છે.

(૧૦૦) ઈન્દ્રિયો પર કાબૂ રાખનારને સ્વર્ગ મળે છે, કાબૂ ન રાખનારને નરક મળે છે.

(૧૦૨)સત્ય વડે તરત જ સ્વર્ગ મળે છે.

(૧૦૩)બુદ્ધિ સારા માણસોનું સ્વર્ગ છે.

(૧૦૪)ઈશ્વર બધાં પ્રાણીઓનાં હૃદયમાં રહે છે તથા પોતાની માયા વડે બધાં પ્રાણીઓને નચાવે છે.

(૧૦૫)આત્માના કલ્યાણ માટે સંતતિ, ધન, રાજ્ય વગેરેનો ત્યાગ કરવો જોઈએ.

(૧૦૬)આત્મા જ સુખ, દુઃખ એ બધું મેળવી આપનાર અને સુખદુઃખનો ભોક્તા છે.

(૧૦૭)આત્મા મનુષ્યનાં સારાં અને નરસાં કાર્યોનો સાક્ષી છે.

(૧૦૮)આત્મા પર કાબૂ મેળવવાથી ખરાબ કાર્યો પર કાબૂ મેળવી શકાય.

(૧૦૯)આત્મા વડે ઉદ્ધાર થઈ શકે છે. મનુષ્ય પોતે આત્માનો સગો અને દુશ્મન બન્ને છે.

(૧૧૦)ઈન્દ્રિયોને જીતી લેનારો અને સંયમી આત્મા જ સાર્થક છે.

(૧૧૧)આત્માનો (પોતાનો) તિરસ્કાર કરનાર કલ્યાણ મેળવી શકતો નથી.

(૧૧૨)પ્રાણીઓને આત્મા જ સૌથી વધુ પ્રિય હોય છે.

(૧૧૩)મનુષ્ય માટે પુત્ર એ જ આત્મા છે, તેથી તેનું અપમાન કરવું





નહીં. પુત્રના રક્ષણથી આત્માનું રક્ષણ થાય છે.

(૧૧૪)જેવો આત્મા હોય તેવું મનુષ્ય બોલે છે.

(૧૧૫)વૃદ્ધને જોઈને ઊંચે ગયેલા પ્રાણ વૃદ્ધને પગે લાગવાથી પાછા બેસી જાય છે.

(૧૧૬)પ્રાણનો નાશ મૃત્યુ કરતું હોવાથી તપસ્વીઓ વધ થયા વિના પ્રાણ મૂકતા નથી.

(૧૧૭)બધી સ્થાવર અને જંગમ વસ્તુઓ પ્રાણનું અન્ન છે.

(૧૧૮)અધર્મથી મેળવેલું ધન દોષ ઢાંકવાને બદલે ખુલ્લા કરે છે.

(૧૧૯)અધર્મ ધીમે ધીમે ફળ આપીને અધર્મ કરનારનાં મૂળ કાપે છે.

(૧૨૦)શત્રુઓને યાચના કરવી એ અધર્મ છે, પરંતુ યાચનાઓને મારી નાખવામાં અધર્મ થતો નથી.

(૧૨૧)જેમનાં દેખતાં ધર્મ અધર્મ વડે નાશ પામે છે. તેમને મરી પરવારેલા માનવા જોઈએ.

(૧૨૨)અધર્મની ઉન્નતિ થાય ત્યારે ભગવાન અવતાર લે છે.

(૧૨૩)સામાએ કર્યું હોય તેવું જ વર્તન કરવું અધર્મ નથી.

(૧૨૪)ચોક્કસ સ્થળે અને સમયે કરેલો અધર્મ ધર્મ બની જાય છે.

(૧૨૫)યોગ એટલે કામમાં કુશળતા.

(૧૨૬)યોગ એટલે સમતા.

(૧૨૭)યોગ કરવાથી શાંતિ મળે છે.

(૧૨૮)બધામાં સમાન રીતે જોનારો યોગી છે.

(૧૨૯)બધા સંયોગો વિયોગમાં અંત પામનારા છે.

(૧૩૦)મન મુશ્કેલીથી કાબૂમાં રહે તેવું અને ચંચળ છે. મન વારંવાર પ્રયત્નથી અને વૈરાગ્યથી કાબૂમાં રાખી શકાય છે.

(૧૩૧)પવિત્ર મનથી દાન આપવું જોઈએ.

(૧૩૨)મનની એકાગ્રતા શ્રેષ્ઠ તપ અને ધર્મ છે.

(૧૩૩)મનમાં દુઃખનું મૂળ સ્નેહની લાગણી છે.

(૧૩૪)કઠોર વાણી મનનું ઘડપણ સૂચવે છે.

(૧૩૫)મનથી પવિત્ર થયેલી બુદ્ધિ દેવનું વ્રત છે.

(૧૩૬)ઈન્દ્રિયો પર કાબૂ ન રાખનારો વૈભવ ગુમાવે છે.

(૧૩૭)રાગ અને દ્વેષ ઈન્દ્રિયોના શત્રુ છે.

(૧૩૮)ઈન્દ્રિય સાથેનું વર્તન ખૂબ ઢીલું અથવા ખૂબ કડક હોવું એ બંન્ને અનિષ્ટ છે.

(૧૩૯)ઈન્દ્રિયોની આસક્તિ દોષ આપે છે, જ્યારે કાબૂ મોક્ષ આપે છે.

(૧૪૦)ઈન્દ્રિયો પર કાબૂથી સ્વર્ગ મળે છે અને ઢીલાશથી નરક મળે





છે. ઈન્દ્રિયો પર કાબૂ રાખવો એ જ તપ છે, એ જ જ્ઞાન છે.

(૧૪૧)ઈન્દ્રિયો પર આસક્તિવાળો કામચારી છે અને જીત મેળવનારો બ્રહ્મચારી છે.

(૧૪૨)ઈન્દ્રિયો પર કાબૂ મેળવ્યા સિવાય શાંતિ કે સુખ મળે નહીં.

(૧૪૩)ઈન્દ્રિય મનુષ્યનું છિદ્ર છે, કારણ કે તેમાંથી બુદ્ધિ વહી જાય છે.

(૧૪૪)ઈન્દ્રિયોની એકાગ્રતા એ શ્રેષ્ઠ તપ અને શ્રેષ્ઠ ધર્મ છે.

(૧૪૫)સ્થિર બુદ્ધિવાળો ઈન્દ્રિયોને તેમના વિષયોમાંથી ખેંચી લે છે.

(૧૪૬)ઈન્દ્રિયોને શરીરરૂપી રથના ઘોડા જેવી માનવામાં આવી છે.

(૧૪૭)બ્રહ્મ 'न मम' (મારું નથી) એ ત્રણ અક્ષરોનું બનેલું છે.

(૧૪૮)સરળતા એ બ્રહ્મનું સ્થાન છે.

(૧૪૯)બ્રહ્મચર્ય બ્રહ્મનું રૂપ છે અને તે બધા ધર્મોથી ચઢિયાતું તથા મોક્ષ આપનારું છે.

(૧૫૦)બ્રહ્મચર્ય શ્રેષ્ઠ ધર્મ છે.

(૧૫૧)બ્રહ્મચર્ય વડે મેળવવા યોગ્ય બ્રહ્મવિદ્યા જ ખરી વિદ્યા છે.

(૧૫૨)મનુષ્યે બ્રહ્મચર્ય પાળીને જીવન મેળવવું જોઈએ.

(૧૫૩)ઈન્દ્રિયોને જીતનારો જ બ્રહ્મચારી કહેવાય છે.

(૧૫૪)ગૃહસ્થાશ્રમ તમામ ધર્મોનું મૂળ છે.

(૧૫૫) ગૃહસ્થાશ્રમ બાકીના ત્રણ આશ્રમો (બ્રહ્મચર્યાશ્રમ, વાનપ્રસ્થ અને સંન્યસ્તાશ્રમ)ની બરાબર છે.

(૧૫૬) ગૃહસ્થાશ્રમને લીધે જ બીજા આશ્રમો ટકે છે.

(૧૫૭) વન વાઘને લીધે અને વાઘ વનને લીધે અસ્તિત્વ ધરાવે છે.

(૧૫૮) બાણ અને ફરસી વગેરેથી ખતમ કરવામાં આવેલું વન ફરી ઊગે છે.

(૧૫૯) સંન્યાસ એટલે ફળની આસક્તિથી કરવામાં આવેલો ત્યાગ.

(૧૬૦) ફક્ત સંસારનો ત્યાગ કરવાથી જ સંન્યાસીને મોક્ષ મળતો નથી.

(૧૬૧) ગુરુસેવાનો અભાવ, ઉતાવળ અને આપવડાઈ હોય તેને વિદ્યા મળતી નથી, કારણ કે એ ત્રણે વિદ્યાના શત્રુઓ છે.

(૧૬૨) વિદ્યાનો પહેલો ભાગ સમય વીતતાં, બીજો પા ભાગ ગુરુને મળવાથી, ત્રીજો પા ભાગ ઉત્સાહ આવવાથી અને ચોથો પા ભાગ શાસ્ત્ર વડે જાણમાં આવે છે.

(૧૬૩) વિદ્યા વિના શાંતિ મળતી નથી.

(૧૬૪) વિદ્યા ઉત્તમ આંખ છે.

(૧૬૫) બુદ્ધિ અને પાઠ જેટલા હોય તેટલી વિદ્યા મળે.

(૧૬૬) શુદ્ધ વિદ્યાવાળો શાસ્ત્ર કરતાં ચઢિયાતો છે.

(૧૬૭) વિદ્યામાં આગળ પડતો બ્રાહ્મણ પૂજા કરવા લાયક છે.





(૧૬૮) વિદ્યા મહેનતથી મળે છે.

(૧૬૯) વિદ્યાનું અભિમાન સારા માણસને અંકુશમાં રાખનારું છે.

(૧૭૦) વિદ્યા બ્રહ્મચર્ય વડે મેળવવા યોગ્ય છે.

(૧૭૧) વિદ્યા હીનકક્ષાના માણસ પાસેથી શ્રદ્ધાપૂર્વક લેવી.

(૧૭૨) વિદ્યાનું રક્ષણ આવર્તનથી થાય છે.

(૧૭૩) વિદ્યાનું મેળવવા સુખ છોડવું પડે છે.

(૧૭૪) આળસ, મસ્તી, મોહ, ચંચળતા, વાતો કરવી, વિચાર ન કરવો, અભિમાન અને લોભ – એ સાત વિદ્યાર્થીના દોષો છે.

(૧૭૫) જ્ઞાન પાપમાંથી બહાર કાઢે છે.

(૧૭૬) જ્ઞાનથી જ મનુષ્ય મોક્ષ પામે છે.

(૧૭૭) ઈન્દ્રિયો પર કાબૂ હોવો એ જ સાચું જ્ઞાન છે. એવા કાબૂ વગર જ્ઞાન નાશ પામે છે.

(૧૭૮) જ્ઞાન ગુરુની સેવા કરવાથી મળે છે.

(૧૭૯) જ્ઞાન એટલે તત્ત્વરૂપ વસ્તુની જાણકારી.

(૧૮૦) જ્ઞાનીઓ નમસ્કાર, પ્રશ્ન અને શુશ્રુષા વડે જ્ઞાન આપે છે.

(૧૮૧) જ્ઞાન સૌથી વધુ પવિત્ર વસ્તુ છે.

(૧૮૨) ધગશ, શ્રદ્ધા અને ઈન્દ્રિયો પર કાબૂ મેળવનારને જ્ઞાન મળે છે.

(૧૮૩) એક માણસ કે બધા માણસો સર્વજ્ઞ હોતા નથી.

(૧૮૪)જન્મ અને તપની જેમ જ્ઞાન પણ બ્રાહ્મણપણું આપનારું કારણ છે.

(૧૮૫) જ્ઞાનનો અર્થ ધર્મનું આચરણ છે.

(૧૮૬)જ્ઞાન ઉત્તમ ધન છે.

(૧૮૭)સરખા જ્ઞાની વચ્ચે જ વિવાહ અને મૈત્રી થાય છે.

(૧૮૮)જ્ઞાનનું ફળ ચારિત્ર્યભર્યું વર્તન છે.

(૧૮૯)જ્ઞાન સતત વૃદ્ધસેવા વડે પ્રાપ્ત થાય છે.

(૧૯૦)અજ્ઞાન મોટો શત્રુ છે. અજ્ઞાનથી સંસાર ઢંકાયેલો છે.

(૧૯૧)વૃદ્ધો પાસેથી શાસ્ત્ર જાણીને તે મુજબ પ્રવૃત્તિ કરવી જોઈએ.

(૧૯૨)કોઈ પણ કાર્ય કરવા માટે શાસ્ત્ર પ્રમાણ છે.

(૧૯૩)સમય યોગ્ય હોય તો જ શાસ્ત્રના જ્ઞાનવાળી બુદ્ધિ ખપમાં લાગે છે.

(૧૯૪)પાકટ બુદ્ધિવાળો જ શાસ્ત્રના જ્ઞાનનો અમલ કરી શકે છે.

(૧૯૫)શાસ્ત્રના જ્ઞાનથી ડહાપણ કે બુદ્ધિ વધે છે.

(૧૯૬)શાસ્ત્રનો નિયમ પાળવાથી મોક્ષ કે પરમ ગતિ મળે છે.

(૧૯૭)બુદ્ધિ વગર શાસ્ત્રનો સાચો અર્થ જાણી શકાતો નથી.

(૧૯૮)શુદ્ધ જન્મ, શુદ્ધ વિદ્યા અને શુદ્ધ કર્મવાળા માણસો શાસ્ત્ર કરતા ચઢિયાતા છે.



(૧૯૯)ગુરુની સેવા કરવાથી જ્ઞાન મળે છે.

(૨૦૦)ગુરુ ફક્ત પોતાના પર કાબૂ રાખનારા શિષ્યોને શિક્ષા કરી શકે છે.

(૨૦૧)ગુરુ કે વડીલને તુંકારો કરવો કે અપમાન કરવું એ તેમનો વધ કરવા બરાબર છે.

(૨૦૨)ગુરુ શત્રુ જેવું વર્તન કરે તો તેમનો (અપમાન વગેરેથી) વધ કરવો જોઈએ.

(૨૦૩)ગુરુના પણ દોષ કહેવા જોઈએ.

(૨૦૪)ખૂબ ધન, વિદ્યા કે ઐશ્વર્યને મેળવ્યા પછી નમ્ર રહેનારો માણસ પ્રૌઢ બુદ્ધિનો છે.

(૨૦૫)હજારો મૂરખ કરતાં એક પ્રૌઢ બુદ્ધિનો માણસ વધુ સારો છે, કારણ કે તે મુશ્કેલીમાંથી બચાવે છે.

(૨૦૬)ઝડપથી સમજનાર, બીજાને સાંભળનાર, ધનની લાલસા ન રાખનાર અથવા પૂછ્યા સિવાય ન બોલનાર કે ધર્મને પાળનાર માણસ પાકટ બુદ્ધિનો છે.

(૨૦૭)પાકટ બુદ્ધિવાળા માણસો નાશ પામેલાનો શોક કરતા નથી અને મુશ્કેલીમાં મોહ પામતા નથી.

(૨૦૮)નક્કી કરીને કાર્ય કરનાર, કાર્ય પાર પાડનાર, સમયને નિરર્થક ન વેડફનાર, પોતાની જાત પર કાબૂ ધરાવનાર માણસ પાકટ બુદ્ધિનો છે.

(૨૦૯) વખણાયેલી વસ્તુને સેવનાર, નિંદાપાત્રને ન સેવનાર, આસ્તિક અને શ્રદ્ધાવાળો માણસ પાકટ બુદ્ધિનો છે.

(૨૧૦) વ્યસનોમાં રહેલા શત્રુઓને હણનાર અને તે બદલ કીર્તિ અને ધન મેળવનાર, વેદ તથા શાસ્ત્રને અમલમાં મૂકનાર માણસ પાકટ બુદ્ધિનો છે. પાકટ બુદ્ધિવાળા માણસના હાથ લાંબા હોવાથી તેની સાથે વિરોધ કર્યા પછી આશ્વાસન લેવું એ ભૂલ છે.

(૨૧૧) વાણીને પ્રયોજનાર, અદ્ભૂત વાત કરનાર, તર્ક અને પ્રતિભા ધરાવનાર અને ગ્રંથને ઝડપથી બોલનાર પાકટ બુદ્ધિનો છે.

(૨૧૨) પાકટ બુદ્ધિવાળા દોષ બતાવનારા હોય છે.

(૨૧૩) સુખેથી ધર્મ પાળનાર પાકટ બુદ્ધિનો છે.

(૨૧૪) પાકટ બુદ્ધિવાળાને હાજરજવાબીથી ખુશ કરવામાં આવે છે.

(૨૧૫) ધનવાળો જ પાકટ બુદ્ધિવાળો ગણાય છે.

(૨૧૬) પાકટ બુદ્ધિવાળો માણસ મર્મભેદી વાણી બોલતો નથી.

(૨૧૭) પાકટ બુદ્ધિવાળાને શોક કે ભયની અનેક બાબતો ઘેરી વળતી નથી.

(૨૧૮) પાકટ બુદ્ધિવાળા માણસો સંસ્કારીની મર્યાદા પાળનાર, બુદ્ધિને અનુસરનારા જ્ઞાનવાળા અને જ્ઞાનને અનુસરનારી બુદ્ધિવાળા હોય છે.

(૨૧૯) સારી વાણી વિવિધ કલ્યાણ આપે છે, જ્યારે ખરાબ વાણી અનર્થ કરે છે.





(૨૨૦) વાણી વડે વીરને ઉદ્યોગી માણસ જીતી લે છે.

(૨૨૧) વાણીનું બાણ વાગ્યા પછી હૃદયમાંથી બહાર કાઢી શકાતું નથી માટે તેવી વાણી બોલવી નહીં.

(૨૨૨) બ્રાહ્મણની વાણી કઠોર હોય છે અને હૃદય કોમળ હોય છે. ક્ષત્રિયની વાણી કોમળ હોય છે અને હૃદય કઠોર હોય છે.

(૨૨૩) બ્રાહ્મણનું બળ વાણીમાં અને ક્ષત્રિયનું બળ બાહુમાં રહેલું હોય છે.

(૨૨૪) સામાની વાણીમાં રહેલું ખોટું વાક્ય જ મૂરખ પકડી લે છે.

(૨૨૫) વાણી પર કાબૂ રાખવો મુશ્કેલ છે.

(૨૨૬) ભયંકર કામ કરતી વખતે વાણી હસીને બોલવી.

(૨૨૭) હિત કરનારી કડવી વાતો કહેનારા અને સાંભળનારા મળવા મુશ્કેલ છે. મીઠી વાત કહેનારા સહેલાઈથી મળી આવે છે.

(૨૨૮) માણસનો આત્મા જેવો હોય તેવું તે બોલે છે.

(૨૨૯) વાણી ઉપર કાબૂ રાખવો મુશ્કેલ છે, કારણ કે અર્થસભર અને અદ્ભૂત વચન વધારે બોલી શકાતું નથી.

(૨૩૦) પિતાએ પુત્ર મોટી વયનો હોય તો પણ તે ગુણ અને કીર્તિ મેળવે એ માટે વઢવું જોઈએ.

(૨૩૧) પતન પામેલા પ્રિય પુત્રને ત્યજી દે છે.

(૨૩૨) શત્રુની જેમ વર્તતા ગુરુ, પિતા, પુત્ર, ભાઈ અને મિત્રને (તેમના અપમાન દ્વારા) હણવા જોઈએ.

(૨૩૩)જ્યારે માતાનો મૃત્યુથી વિયોગ થાય ત્યારે મનુષ્ય ઘરડો અને દુઃખી થાય છે.

(૨૩૪)માતા ન હોય તે અનાથ અને માતા હોય તે સનાથ છે.

(૨૩૫)માતાનો આશરો લઈ બધાં સંતાનો જીવે છે.

(૨૩૬)માતા સબળ કે નિર્બળ પુત્રને પોષણ અને રક્ષણ આપે છે.

(૨૩૭) માતા પાસે સો વરસનો પુત્ર પણ બે વરસના બાળક જેવું વર્તન કરે છે.

(૨૩૮)માતાપિતા માટે પુત્ર પોતાનો આત્મા છે.

(૨૩૯)પુત્રનો સ્પર્શ સૌથી વધારે સુખ આપનારો છે. પુત્ર તે છે કે જે આનંદ આપે.

(૨૪૦)'પુમ્' નામના નરકમાંથી પુત્ર માતાપિતાને બચાવે છે.

(૨૪૧)પિતાને અનુકૂળ ન હોય તેવા પુત્રને સારા માણસો પુત્ર માનતા નથી.

(૨૪૨)પાપી કાર્ય છેવટે પુત્ર, પૌત્ર કે પ્રપૌત્રને ફળ આપી રહે છે.

(૨૪૩)સ્ત્રીઓ માટે પતિ જ દેવ, સગો, કુટુંબી, ઉપાય અને શ્રેષ્ઠ ગતિ છે.

(૨૪૪)પતિ દ્વારા ભરણપોષણ અને રક્ષણ પામવા લાયક પત્ની છે.

(૨૪૫)સ્ત્રીની જવાબદારી બાળપણમાં પિતા, યુવાનીમાં પતિ અને ઘડપણમાં પુત્રો ઉઠાવે છે.





(૨૪૬)અર્થ વગરનો ગુસ્સો કરનારા અને ફળ વગરની કૃપા કરનારા પતિને સ્ત્રીઓ ઇચ્છતી નથી. જે પત્ની સાથેનો છે એ વિશ્વાસ રાખવા લાયક છે.

(૨૪૭)નિર્બળ પતિએ પણ પત્નીનું રક્ષણ કરવું જોઇએ.

(૨૪૮)ગૃહિણી ઘર છે. ગૃહિણી વગરનું ઘર જંગલ છે. સારી અને ખુશ કરે તેવી પત્ની વગરના ઘર કરતાં જંગલમાં જવું વધુ સારું છે.

(૨૪૯)કામ અને ક્રોધવાળા અભણ કે વિદ્વાન પુરુષને સ્ત્રીઓ ખરાબ રસ્તે લઈ જાય છે.

(૨૫૦)દારૂ, જુગાર, સ્ત્રીઓ, શિકાર, ગીત અને વાદ્યમાં વધારે આસક્તિ દોષવાળી છે.

(૨૩૧)પત્ની અડધું અંગ, શ્રેષ્ઠ સખી, ધર્મ, અર્થ અને કામનું તથા સંસાર તરી જવાનું મૂળ કારણ, ઉપાય, ધર્મ કરવામાં મદદગાર અને શ્રેષ્ઠ વસ્તુ છે.

(૨૩૨)પાપી માણસ પત્નીને પરેશાન કરી જીવે છે.

(૨૩૩)પત્ની દુઃખી પતિની દવા છે. નસીબને લીધે મળેલો મિત્ર છે, જીવનપ્રવાસમાં મદદગાર છે.

(૨૩૪)પતિ પત્નીના રક્ષણથી સંતાનોનું રક્ષણ અને તેના દ્વારા પોતાની જાતનું રક્ષણ કરે છે.

(૨૩૫) ગુસ્સે થાય તો પણ ભાઈઓની જેમ પત્ની સ્વભાવથી ખુશ હોય છે.

(૨૩૬) રાજાનો આશ્રય મળે પછી પત્ની અને ધનને મેળવવાં જોઈએ.

(૨૩૭) પત્ની તે છે જે મનગમતું બોલે.

(૨૩૮) વહેલી પરોઢે જાગનારી, ઘરનાંની સેવા પ્રેમથી કરનારી, ઘરને સાફ રાખનારી અને ઘરને લીંપનારી પત્ની હોવી જોઈએ.

(૨૩૯) સ્ત્રીનો કુટુંબી પતિ છે. એક માણસને આટલી બધી સ્ત્રીઓ પૂરતી નથી એમ માની વૈરાગ્ય પામવો જોઈએ.

(૨૪૦) જ્યાં સ્ત્રી રાજા હોય ત્યાં લોકો લાચાર બની જાય છે.

(૨૪૧) દુષ્ટ માણસની સાથે જોડાયેલી સ્ત્રીનું કશું ઠેકાણું નથી.

(૨૪૨) કલ્યાણ ઈચ્છનારાએ સ્ત્રીરૂપે રહેલી લક્ષ્મીનો સત્કાર કરવો અને તેનું પાલન કરી કાબૂમાં રાખવી.

(૨૪૩) અણઘડ માણસ પણ સ્ત્રીઓની વચ્ચે પોતાને વખાણે છે તથા અભિમાનભરી વાતો કહે છે.

(૨૪૪) જ્યાં સ્ત્રીઓની પૂજા થાય છે, ત્યાં દેવો ખુશ થાય છે.

(૨૪૫) સારાં કે ખરાબ કાર્યો કરનાર જ તેનું ફળ ભોગવે છે, તેના ભાઈઓ પણ ફળ ભોગવનારા હોતા નથી.

(૨૪૬) સગાં એકબીજાનો આધાર લઈને અને પછી એકબીજાથી છૂટા પડીને વૃદ્ધિ પામે છે.



(૨૪૭) પોતાનું કલ્યાણ ઈચ્છનારાએ સગાંસંબંધીઓ વધારવાં જોઈએ.

(૨૪૮) સાથે હોય તો બાળે અને છૂટાં હોય તો ધુમાડો આપે તેવાં ઉબાડિયાં જેવાં સગાં હોય છે.

(૨૪૯) બહારના માણસને જ્ઞાતિમાં સમાવવાની વાત સારા માણસો સહન કરતા નથી.

(૨૫૦) સગાં ગુણ વગરનાં હોય તો પણ તેમને સાચવી લેવાં.

(૨૫૧) પૈસાદાર સગાં મળવા છતાં નાશ પામનાર મનુષ્યને નિંદા મળે છે.

(૨૫૨) સગાં સાથે ભોજન કરવું, વાતચીત કરવી, સવાલ પૂછવા, મળવું અને વિરોધ ન કરવો.

(૨૫૩) તમારે સુખે સુખી અને દુઃખે દુઃખી થાય તે મિત્ર છે. તેથી વિપરીત કરે તે શત્રુ છે.

(૨૫૪) નિમકહલાલ માણસને જ મિત્ર મળે છે.

(૨૫૫) આપણને થતી હાનિ જોઈ ડરે તે મિત્ર છે. આપણને હાનિ થાય એમ ઈચ્છે તે શત્રુ છે.

(૨૫૬) મૃત્યુ પામનારનું મિત્ર દાન છે.

(૨૫૭) કોઈ કોઈનું મિત્ર નથી.

(૨૫૮) મિત્ર કે શત્રુ જન્મને લીધે નહીં, ધનને કારણે બને છે. ધન જ મિત્રોને ખેંચે છે.

(૨૫૯)સ્વાર્થ ફરતાં મિત્ર શત્રુ બને છે અને શત્રુ મિત્ર બને છે.

(૨૬૦) કોઈ સંબંધ ના હોવા છતાં મિત્ર તરીકે વર્તનારો સાચો મિત્ર છે.

(૨૬૧)આપણી સમૃદ્ધિથી સંતોષ ન પામે અને આપણી હાનિમાં ગરીબડો બને તે ઉત્તમ મિત્ર છે.

(૨૬૨)મિત્રને દાનથી જીતી લેવો એ સફળ મનુષ્યનું લક્ષણ છે.

(૨૬૩)સ્વાર્થી લોકો મનુષ્ય જીવતો હોય ત્યાં સુધી જ મિત્ર રહે છે.

(૨૬૪)મિત્રના જેવી સમજાવટથી શત્રુને સમજાવવો જોઈએ.

(૨૬૫)સુખ આપે તે મિત્ર અને સંતાપ આપે તે શત્રુ છે.

(૨૬૬)બાળક બુદ્ધિના મિત્ર કરતાં પાકટ બુદ્ધિનો શત્રુ સારો છે.

(૨૬૭)જેનામાં વિશ્વાસ હોય તે જ મિત્ર છે.

(૨૬૮)સમાન ગુણ કે દોષ ધરાવનારાઓ વચ્ચે મિત્રતા હોય છે.

(૨૬૯)સાચી વાતની ખબર હોવા છતાં મિત્રો સાથે પ્રેમથી બોલવું.

(૨૭૦)જે મિત્ર બનાવીને પાછળથી મિત્રની નિંદા કરે તે મૂર્ખ છે.

(૨૭૧)ઘરડા થનારની મિત્રતા પણ ઘરડી થાય છે.

(૨૭૨)સમય અને ગુસ્સો મિત્રતાનો નાશ કરે છે.

(૨૭૩)જેમનું ધન અને જ્ઞાન સરખું હોય તેમની વચ્ચે જ મિત્રતા સંભવે છે.



(૨૭૪)કારણ વગર મિત્રતાની લાગણી સંભવતી નથી.

(૨૭૫)રખેવાળ તરીકે હોવા છતાં જે રાજા રક્ષણ કરતો ન હોય તેવા અધમ અને સેનાપતિ વગરના રાજાને પ્રજાએ ભેગા મળીને મારી નાખવો જોઈએ.

(૨૭૬)કર્મ ન કરી અન્યાયને સ્વીકારનારો રાજા ઉપાય ન જાણનારો અને બાયલો ક્ષત્રિય છે.

(૨૭૭)કર લેનાર અને રક્ષણ ના કરનારો રાજા પાપ કરનાર છે.

(૨૭૮)ખરાબને શિક્ષા, સારાને રક્ષણ અને યુદ્ધમાં પલાયન થવું નહીં એ રાજાનો ઉત્તમ ધર્મ છે.

(૨૭૯) રાજા સાથેનો સંબંધ ઝેરી સાપ સાથેના સંબંધ જેવો ભયંકર છે.

(૨૮૦)રાજા કાળનું કે જમાનાનું કારણ છે.

(૨૮૧)રાજાના બધા ધર્મો પ્રજાનું પાલન કરવામાં સમાઈ જાય છે.

(૨૮૨)રાજાના પનારે પડેલાંનું ક્યાંય કશું બાકી રહેતું નથી.

(૨૮૩)રાજા ખરાબ લોકોને શિક્ષા કરનારો છે.

(૨૮૪)રાજા જાસૂસો વડે જૂએ છે.

(૨૮૫)રાજાએ પ્રજાને હાનિ ન થાય તે રીતે પ્રજા પાસેથી કર વસૂલવો.

(૨૮૬)રાજા શિક્ષા આપવામાં સાચો અને સંપૂર્ણ હોય તો સત્યયુગ માનવો.

(૨૮૭)રાજા ધર્મ રહેતો હોવાથી જ રાજા ધર્મ ઉપર કાબૂ રાખે છે. તે ચક્રવર્તી રાજા બને છે.

(૨૮૮)રાજ્ય નાશ પામે એવા રાજાના જીવનને ધિક્કાર હો.

(૨૮૯)સૈન્ય વગરનું એકલું નસીબ રાજાના પ્રયોજનને પાર પાડતું નથી.

(૨૯૦)પ્રધાન રાજાનો મહત્ત્વનો કુટુંબી છે.

(૨૯૧)જેના રાજ્યમાં પ્રજા નિર્ભય થઈને ફરે તે રાજા શ્રેષ્ઠ છે.

(૨૯૨)રાજાએ ગર્ભવતી થયેલી રાણીની સાથે રહેવું જોઈએ.

(૨૯૩)ધર્મ જાણનાર રાજાએ જુદી જુદી બાબતોમાં જાતજાતનાં રૂપો ધારણ કરવાં જોઈએ.

(૨૯૪)રાજાના ધર્મોમાં બધા ધર્મો સમાઈ જાય છે.

(૨૯૫)રાજા જે કરે તે પ્રજા પસંદ કરે છે.

(૨૯૬)ભીખ માંગતી પ્રજા રાજાને સતત ખતમ કરે છે.

(૨૯૭)પ્રજાનું યોગક્ષેમ, પ્રજામાં મરણ, ભય, રોગચાળો, વરસાદ રાજાના કારણે જ થાય છે.

(૨૯૮)રાજાના ડરથી લોકો પોતાનો ધર્મ પાળી શાંતિથી રહે છે.

(૨૯૯)રાજા સત્યયુગ, ત્રેતા, દ્વાપર અને કળિયુગનું કારણ છે.

(૩૦૦)રાજાની શિક્ષાથી બળવાન નિર્બળને હેરાન કરતા નથી.



(૩૦૧)પત્ની અને ધન રાજાને લીધે જ મળે છે અને ભોગવી શકાય છે.

(૩૦૨)ન્યાયી રાજા પ્રજાને ઘડે છે અને અન્યાયી રાજા વિનાશક છે.

(૩૦૩)રાજા લૂંટાતી પ્રજાનું શરણ ન બને તો તે અધમ છે.

(૩૦૪)ધર્મને પૂજનાર રાજા બધે સત્કાર પામે છે.

(૩૦૩)રાષ્ટ્ર માટે રાજાનો અભિષેક થાય એ મહત્ત્વનું છે. વળી અરાજકતા ખરાબ છે.

(૩૦૪)પ્રજા ખુશ રહે એ રાજાનો સનાતન ધર્મ છે.

(૩૦૫)રાજાનું વર્તન લોકોથી જુદું હોય છે.

(૩૦૬)રાજાના ધર્મોમાં બધી વિદ્યાઓ રહેલી છે.

(૩૦૭)રાજા વગરનું રાજ્ય ધર્મ વગરનું અને નિર્બળને હાનિ કરતું હોવાથી ધિક્કારને પાત્ર છે.

(૩૦૮)પથારીમાં મૃત્યુ પામવું એ ક્ષત્રિય માટે અધર્મ છે.

(૩૦૯)ભીખ માંગવી ક્ષત્રિય માટે ખરાબ કામ છે.

(૩૧૦)બાહુબળથી વિજય મેળવવામાં ક્ષત્રિયની આજીવિકા પૂરી થાય છે.

(૩૧૧)ક્ષત્રિયનું હૃદય વજ્ર જેવું કઠોર હોય છે.

(૩૧૨)શત્રુઓનો વધ ક્ષત્રિયનો શ્રેષ્ઠ ધર્મ છે.

(૩૧૩)ક્ષત્રિયોનું બળ તેજ છે.

(૩૧૪)ક્ષત્રિયનો ધર્મ વિષ્ણુથી શરૂ થયો છે.

(૩૧૫)દંડ કરવો એ ક્ષત્રિયનો ધર્મ છે, નહીં કે મુંડન કરાવવું.

(૩૧૬)ધર્મ માટે યુદ્ધ કરવું એ ક્ષત્રિય માટે સૌથી વધુ કલ્યાણ કરનારું છે.

(૩૧૭)ક્ષત્રિય ગુસ્સાવાળો હોય છે.

(૩૧૮)ક્ષત્રિયની વાણી માખણ જેવી કોમળ અને હૃદય ધારદાર હોય છે.

(૩૧૯)બળમાં મોટો હોય તે ક્ષત્રિયોમાં મોટો ગણાય છે. ક્ષત્રિયનું બળ બાહુમાં રહેલું હોય છે.

(૩૨૦)પોતાની બેદરકારીથી લૂંટાતી પ્રજાનું શરણ ના બનનારો અધમ રાજા છે.

(૩૨૧)યોગ્ય સમયે તે જ ન બતાવનાર ક્ષત્રિય અપમાનિત થાય છે.

(૩૨૨)જીવતા રહેવાની ઈચ્છાથી માથું મૂકીને ન લડનાર ક્ષત્રિય ચોર છે.

(૩૨૩)જોરદાર યુદ્ધ કરનારો ક્ષત્રિય ધર્મનો સારો જાણકાર છે.

(૩૨૪)ક્ષત્રિય પરાક્રમથી મેળવેલી વસ્તુઓથી ખુશ થાય છે.

(૩૨૫)કામ કર્યા વિના અન્યાયને સ્વીકારી લેનાર રાજા કાયર ક્ષત્રિય છે.



(૩૨૬)મંત્રજ્ઞાનમાં મોટો તે બ્રાહ્મણ મોટો છે.

(૩૨૭)બ્રાહ્મણનું બળ વાણીમાં રહેલું છે. વાણી જ બ્રાહ્મણનું વજ્ર છે. બ્રાહ્મણની વાણી ધારદાર અને હૃદય કોમળ હોય છે.

(૩૨૮)વિદ્યા અને તપમાં આગળ હોય તે પૂજનીય બ્રાહ્મણ છે.

(૩૨૯)અભ્યાસ અને જ્ઞાન કરતાં વર્તન કે ચારિત્ર્ય બ્રાહ્મણ બનવાનું કારણ છે.

(૩૩૦)વ્રતનિયમ ન પાળવાં એ બ્રાહ્મણ માટે ખરાબ છે.

(૩૩૧)વેદગ્રંથો બ્રાહ્મણના કુટુંબીઓ છે.

(૩૩૨)બ્રાહ્મણ અને ક્ષત્રિય એકત્ર થઈને શત્રુઓને બાળે છે, કારણ કે બન્ને એકબીજાના સહારે બળવાન બને છે.

(૩૩૩)બ્રાહ્મણનું શરીર તપ અને દુઃખ માટે અને પરલોકમાં સુખ માટે જન્મ લે છે.

(૩૩૪)બ્રાહ્મણપણું કષ્ટથી મળે છે તેથી તેણે વિલાસ અને ઈન્દ્રિયોના વિષયોમાં આસક્તિને બદલે સ્વાધ્યાય, તપ અને સંયમમાં રહી કલ્યાણ મેળવવા કાયમ પ્રયત્ન કરવો જોઈએ.

(૩૩૫)બ્રાહ્મણને બચાવવા બોલાતું અસત્ય પાપ ગણાતું નથી.

(૩૩૬)જ્યાં વેદજ્ઞાની, તપસ્વી અને ચારિત્ર્યશીલ બ્રાહ્મણો રહેતા હોય તેને નગર કહેવાય.

(૩૩૭) તપ, જ્ઞાન અને બ્રાહ્મણને ઘેર જન્મ એ ત્રણે ધરાવનાર બ્રાહ્મણ કહેવાય છે.

(૩૩૮) ધર્મ હોય ત્યાં જ વિજય મળે છે.

(૩૩૯) ઈશ્વર હોય ત્યાં જ વિજય મળે છે.

(૩૪૦) રાજાને અનુકૂળ મંત્રણાના કારણે વિજય મળે છે.

(૩૪૧) યોદ્ધાઓમાં આનંદ હોય તો જ વિજય મળે છે.

(૩૪૨) શિક્ષા પર ધનનો અને બધાં કાર્યોનો મુખ્ય આધાર હોય છે.

(૩૪૩) સાચી અને સંપૂર્ણ શિક્ષા કરનારા રાજાના રાજ્યમાં સત્યયુગ હોય છે.

(૩૪૪) શિક્ષા વગર દુર્બળને બળવાન ખતમ કરત.

(૩૪૫) શિક્ષા જ સત્તા ચલાવવાનું, રક્ષણ કરવાનું અને લોકોને જાગ્રત કરવાનું કામ કરે છે.

(૩૪૬) શિક્ષા વગર વિદ્યાર્થી ભણવાનું, કન્યા પરણવાનું અને ગાય દોહવાનું કામ ન કરત.

(૩૪૭) લોકો શિક્ષા કરવાથી ઉદ્વેગ પામતા હોવાથી શિક્ષાથી લોકો સીધા રહે છે.

(૩૪૮) શિક્ષા પણ બળનો એક પ્રકાર છે.

(૩૪૯) અસંયમી અને સંસ્કાર વગરનાને શિક્ષા થાય છે.

(૩૫૦) શિક્ષા વગર વિનાશ થાય છે અને માલિકી તથા મર્યાદાઓનો





લોપ થાય છે.

(૩૫૧) શિક્ષાના ભયથી મનુષ્ય બીજાને તેની વસ્તુનો ઉપભોગ કરવા દે છે.

(૩૫૨) ફાટફૂટથી સુખ મળતું નથી.

(૩૫૩) કાયર માણસને ભય બતાવીને બીજાથી અલગ પાડી શકાય છે.

(૩૫૪) ફાટફૂટથી છૂટાં પડેલાં ઝડપથી નાશ પામે છે.

(૩૫૫) જોડાયેલા સમૂહો ફાટફૂટ પડતાં હારે છે અને નાશ પામે છે.

(૩૫૬) છૂટી પડી શકે અને ભેગી થઇ શકે એવી પ્રીતિ સ્નેહ વગરની હોય છે.

(૩૫૭) શક્તિશાળી શત્રુ સાથે સુલેહ કરવી જોઈએ.

(૩૫૮) પ્રયોજન મુજબ શત્રુ સાથે સુલેહ અને મિત્ર સાથે યુદ્ધ પણ કરવું જોઈએ.

(૩૫૯) શત્રુ સાથે સુલેહ કરી વિશ્વાસ રાખવો નહીં. અને જાગ્રત રહેવું જોઈએ.

(૩૬૦) મંત્રણામાં થયેલી ગફલત રાજ્ય અને પ્રજા સાથે રાજાને ખતમ કરે છે.

(૩૬૧) મંત્રણાની કોઈને ખબર પડવી જોઈએ નહીં.

(૩૬૨)મંત્રણા રાજ્યનું કે રાજાનું બળ છે.

(૩૬૩)મંત્રણા જ રાજાને વિજય અપાવે છે.

(૩૬૪)રાજાએ રાજ્ય ધર્મથી મેળવવું જોઇએ.

(૩૬૫)કોમળતાથી ચવાવાતું રાજ્ય શત્રુ લઇ જાય છે.

(૩૬૬)બાહુબળથી મેળવેલું રાજ્ય જ ભોગવવા લાયક છે.

(૩૬૭)પોતાની જાત પર કાબૂ ધરાવનારા જ રાજ્ય ચલાવી શકે છે.

(૩૬૮)રાજ્ય ચલાવવા માટે જાસૂસ અને મંત્રણા મુખ્ય છે.

(૩૬૯)રાષ્ટ્ર અયોગ્ય રીતે પીડા પામે તો તેની વૃદ્ધિ થતી નથી.

(૩૭૦)રાજા સાથે રાષ્ટ્રનો નાશ બુદ્ધિથી કરી શકાય છે.

(૩૭૧)ક્રોધે ભરાયેલો એક બ્રાહ્મણ રાષ્ટ્રને ખતમ કરે છે.

(૩૭૨)રાષ્ટ્ર નાશ પામવું એ રાજા માટે ધિક્કારપાત્ર છે.

(૩૭૩)રાષ્ટ્ર માટે રાજાનો અભિષેક સૌથી મહત્ત્વનું કાર્ય છે.

(૩૭૪)શત્રુને ખુશ કરે તેવું બોલવું જોઇએ અને જાણે વિશ્વાસ બેઠો હોય તેમ વર્તવું જોઇએ.

(૩૭૫)દયા આવતી હોય છતાં શત્રુ પર દયા ન ખાવી જોઇએ.

(૩૭૬)શક્તિશાળી શત્રુને મિત્ર બનાવવો જોઇએ. તેવા શત્રુ સાથે સુલેહ કરવી જોઇએ.



(૩૭૭)ખરાબ સમય હોય ત્યાં સુધી શત્રુને ખભે બેસાડવો જોઇએ, પરંતુ ખરાબ સમય વીતી ગયા પછી તેને ખતમ કરવો જોઇએ.

(૩૭૮)શત્રુને હંમેશાં પીડા આપે તેવું કરવું જોઇએ.

(૩૭૯)બળવાન શત્રુને પણ માણસે હણી નાખવો જોઇએ.

(૩૮૦)પરાક્રમથી વૃદ્ધિ પામતા નાનકડા શત્રુને પણ ખતમ કરવો જોઇએ.

(૩૮૧)આપણા સુખે દુઃખી અને આપણા દુઃખે સુખી થાય તે શત્રુ છે.

(૩૮૨) ખરાબ બળવાળા અને વ્યસનોમાં રહેલા શત્રુઓને હણવાથી ધર્મ અને કીર્તિ મળે છે.

(૩૮૬)ગોળ ગોળ વાત કરનારા, ભાગેલા, જીવવા ઈચ્છનારા અને બાકી રહી ગયેલા શત્રુથી ડરવું જોઇએ.

(૩૮૭)શત્રુને હાનિ પહોંચાડે તેનું નામ જ શસ્ત્ર કહેવાય.

(૩૮૮)શત્રુ સાથે સુલેહ કરીને સાવધ રહેવું, વિશ્વાસ ન મૂકવો, કારણ કે શત્રુ ગમે ત્યારે વિશ્વાસઘાત કરી શકે છે.

(૩૮૯)આપણું રાજ્ય પડાવી લેનારા શત્રુઓને ખતમ કરવા જોઇએ.

(૩૯૦)હંમેશાં સજ્જ થઇ શત્રુના ઘેર જવું અને તેનું કુશળ પૂછવું.

(૩૯૧)વખત આવ્યે શત્રુ સાથે સુલેહ અને મિત્ર સાથે યુદ્ધ કરવું જોઇએ.

(૩૯૨)આપણને નુકસાન થાય તેમ ઇચ્છનારો શત્રુ છે.

(૩૯૩)શત્રુ કે મિત્ર જન્મતા નથી. સ્વાર્થ કે ધન વગેરે પ્રયોજનને લીધે શત્રુ કે મિત્ર બને છે.

(૩૯૪)જો પુત્ર, મિત્ર, ભાઇ, પિતા કે ગુરુ શત્રુ તરીકે વર્તે તો તેમનો (અપમાનથી) વધ કરવો ઘટે; ખરેખર વધ નહીં.

(૩૯૫)શત્રુથી પાછા વળવાને બદલે વખત આવ્યે પ્રહાર કરવો જોઇએ.

(૩૯૬)રાજાએ પોતાની જાતને જીત્યા પછી રાજાએ શત્રુઓને જીતવા જોઇએ.

(૩૯૭)શત્રુને મારવાથી શૂરવીરને કીર્તિ મળે છે.

(૩૯૮)મનુષ્યનો સૌથી મોટો શત્રુ અજ્ઞાન છે.

(૩૯૯)વખત આવ્યે કોમળ કે કઠોર બનનાર રાજા શત્રુને જીતી શકે છે.

(૪૦૦)નિર્બળ કે નાના શત્રુની ઉપેક્ષા કરવી નહીં.

(૪૦૧)શત્રુને ખુલ્લો ન કરતાં ભય, ક્રોધ અને આનંદને દબાવીને મારી જ નાખવો.

(૪૦૨)વશ થયેલા અને વધ કરવા લાયક શત્રુને છોડવો નહીં.



(૪૦૩)આતતાયીને હણવાથી અધર્મ થતો નથી. શત્રુને યાચના કરવી એ અધર્મ અને અપકીર્તિ આપે છે.

(૪૦૪)દુઃખ માટે શત્રુઓ પૂરા નથી હોતા એમ માનવું જોઇએ.

(૪૦૫)જેની આજીવિકા સરખી હોય તે શત્રુઓ હોય છે.

(૪૦૬)પહેલાં માન આપી પછી અપમાન કરે તેવા શત્રુના સ્થળથી દૂર રહેવું જોઇએ.

(૪૦૭)આફતમાંથી જીવ બચાવવા શત્રુને પણ સ્વીકારવો જોઇએ.

(૪૦૮) હલકી ચેષ્ટા કરનારને થતો શોક જ સાચો શત્રુ છે.

(૪૦૯)શત્રુના મૃત્યુની ખબર નવાઇ પમાડનારી હોય છે.

(૪૧૦)યુદ્ધમાં શત્રુઓને જીતનારનું જીવન સફળ છે.

(૪૧૧)સંતાપ આપે તે શત્રુ.

(૪૧૨)બળવાન માણસને વિશ્વાસ બેસાડીને નિર્બળ શત્રુઓ પણ ખતમ કરી શકે છે.

(૪૧૩)અપમાન પામેલો શત્રુ મોટો ભય ઉત્પન્ન કરે છે.

(૪૧૪)અપમાન પામેલો શત્રુ ગ્રહણ કરવા જોઇએ.

(૪૧૫)શત્રુના પણ ગુણ ગ્રહણ કરવા જોઇએ.

(૪૧૬)શત્રુને સમજાવવા છતાં સાબદા રહેવું.

(૪૧૭)બાળબુદ્ધિના મિત્ર કરતાં પ્રૌઢ બુદ્ધિનો શત્રુ વધુ સારો છે.

(૪૧૮)ઝાંખી લક્ષ્મીવાળો અને શત્રુની તેજસ્વી લક્ષ્મીને ઉપાસનારો મૃત્યુ પામે છે.

(૪૧૯)શત્રુ સાથે સંધિ કરી કામ પત્યા પછી ઝડપથી નાસી જવું.

(૪૨૦)આતતાયી ગમે તે હોય પણ તેનો વધ કરવો.

(૪૨૧) શત્રુની નબળાઇ આપણે જાણવી જોઇએ, પણ આપણી નબળાઇ શત્રુ જાણી ન જાય તેમ સાવચેતી રાખી રાજ્યનું રક્ષણ કરવું.

(૪૨૨)શત્રુના પક્ષનું મૂળ પહેલાં કાપવું જોઇએ. એ પછી તેના મદદગારો અને પક્ષના લોકોને ખતમ કરવા જોઇએ.

(૪૨૩)વધતા જતા શત્રુની ઉપેક્ષા આપણું મૂળ ઉખેડી નાખે છે.

(૪૨૪)આફત માટે ધન બચાવવું જોઇએ. ધન કરતાં પત્નીને અને પત્ની કરતાં પોતાની જાતને બચાવવાની પ્રવૃત્તિ કરવી જોઇએ.

(૪૨૫)આફતથી માણસની લક્ષ્મીનો નાશ થતાં આફત ધર્મ અને કામનું કારણ બને છે.

(૪૨૬)બુદ્ધિશાળી અને નીતિશાસ્ત્રનો જ્ઞાની માણસ આફતમાં ડૂબતો નથી કે મોહ પામતો નથી.

(૪૨૭)યુદ્ધ આફત નથી. યુદ્ધમાં હણાવાથી સ્વર્ગ અને જીતવાથી પૃથ્વીનું રાજ્ય મળે છે.

(૪૨૮)બ્રાહ્મણ પોતાનો જીવ આફતમાં આવે ત્યારે જીવ બચાવવા ચોરી કરે તો તે પાપ નથી.



(૪૨૯)વૃદ્ધોનો સંપર્ક રાખનારા અને તેમને નમસ્કાર કરનારાની કીર્તિ આયુષ્ય, યશ અને બળ વધે છે.

(૪૩૦)ઘરડા માણસને જોઇ યુવાનના પ્રાણ ઊંચે જાય છે તેથી ઊભો થઇ યુવાન વૃદ્ધને પગે લાગે તો પ્રાણ પાછા બેસી જાય છે.

(૪૩૧)વૃદ્ધની સેવા કરવાથી માનસિક પીડા દૂર થાય છે. સાથો સાથ તેનાથી ધર્મ અને અર્થનું જ્ઞાન થાય છે અને બુદ્ધિ વધે છે.

(૪૩૨)બાળક જ્ઞાની હોય તો પણ વૃદ્ધ ગણાય છે. માણસ પળિયાં આવવાથી વૃદ્ધ નથી થતો.

(૪૩૪)કપટ વગરનું સત્ય કહેનારા વૃદ્ધો જ્યાં બેઠેલા હોય તેને જ સભા કહેવાય.

(૪૩૫)જે બ્રાહ્મણ વિદ્યા અને તપમાં વૃદ્ધ છે તે જ પૂજનીય છે.

(૪૩૬)વૃદ્ધો પાસેથી જ્ઞાન મેળવવું જોઇએ. પરંતુ બહુ વૃદ્ધ થઇ ગયેલા બાળક બુદ્ધિના હોવાથી તેમના પાસેથી જ્ઞાન ન મેળવવું.

(૪૩૭)ઘડપણ અને મૃત્યુ તમામ પ્રાણીઓને આવે છે. ઘડપણ રૂપનો નાશ કરે છે અને મૃત્યુ શરીરનો નાશ કરે છે.

(૪૩૮)વિશ્વવિજેતા પણ ઘડપણ અને મૃત્યુને જીતી શકતો નથી.

(૪૩૯)મરણ પ્રાણીમાત્ર માટે અનિષ્ટ છે, કારણ કે તે ભલભલાને ધ્રુજાવી દે છે.

(૪૪૦)ઈર્ષ્યા એ ઝડપી મરણ છે.

(૪૪૧)જન્મની સાથે જ મરણ મનુષ્યની પાછળ આવે છે.

(૪૪૨)જન્મેલાનું મરણ અને મરેલાંનો જન્મ ચોક્કસ થાય છે.

(૪૪૩)મમતા મૃત્યુ છે.

(૪૪૪)પ્રાણીની ઈચ્છાથી જન્મ કે મૃત્યુ થતાં નથી. મૃત્યુ સમય પાકે ત્યારે આવે છે.

(૪૪૫)દાન આપનાર માંગનારને અને પોતાને બન્નેને જિવાડે છે.

(૪૪૬)મરણ કરતાં જીવન વધુ સારું છે, કારણ કે જીવનથી ધર્મ કરી શકાય છે.

(૪૪૭)પ્રજામાં મરણ અને ભય રાજાને કારણે થાય છે.

(૪૪૮)મૃત્યુ કોઈ પણ કામ માટે રાહ જોયા વિના આવે છે.

(૪૪૯)કપટ મૃત્યુનું પગલું છે.

(૪૫૦)સંસારમાં આસક્તિ ધરાવતા અજ્ઞાનીને મરણ અણગમતું લાગે છે.

(૪૫૧)કાર્યના બે છેડાની આદિ અને અંત બે વચ્ચેની સ્થિતિને દુઃખ કહે છે.

(૪૫૨)પાછળ વિચાર ન કરવો એ દુઃખ દૂર કરવાનો ઉપાય છે.

(૪૫૩)પોતાના દોષો વડે માણસ સુખ કે દુઃખ મેળવે છે.

(૪૫૪)ધનનો નાશ મોટું દુઃખ છે.

(૪૫૫)ક્યાંય એકલું દુઃખ કે એકલું સુખ મળતાં નથી.

(૪૫૬)સમય પાકે ત્યારે જ સુખ કે દુઃખ આવે છે.





(૪૫૭)સૌથી મોટું દુઃખ પૈસા વગરનાનું અપમાન થાય એ છે.

(૪૫૮)આસક્તિ દુઃખ છે અને ત્યાગ એ સુખ છે.

(૪૫૯)મનનું દુઃખ બુદ્ધિથી અને શરીરનું દુઃખ મળે છે, નહીં તો સુખ.

(૪૬૦)મનના દુઃખનું મૂળ સ્નેહની લાગણી છે.

(૪૬૧)આત્મા એકલો જ સુખ અને દુઃખનો ભોગવનારો છે.

(૪૬૨)જેની ઈચ્છા થાય કે પ્રિય હોય તે સુખ અને જેના તરફ ઈચ્છા ન થાય કે ધિક્કાર થાય તે દુઃખ.

(૪૬૩)વિષયથી જન્મતા અને આરંભ તથા અંતવાળા ભોગો દુઃખ આપે છે. તેથી સારા માણસને તેનાથી આનંદ મળતો નથી.

(૪૬૪)પોતે કરેલા શુભ કાર્યથી સુખ અને પાપી કાર્યથી દુઃખ મળે છે.

(૪૬૫)માણસને સુખ અને દુઃખ વારાફરતી આવે છે.

(૪૬૬)સુખ કરતાં જીવનમાં દુઃખ વધારે છે. અજ્ઞાનને લીધે મરણ અણગમતું લાગે છે.

(૪૬૭)દુઃખમાં ડૂબેલા દેવની નિંદા કરે છે, પરંતુ પોતાના ખરાબ કામોની નિંદા કરતા નથી.

(૪૬૮)પાપી જેટલી શિક્ષા તેની સાથે સુલેહ કરનાર પુણ્યશાળીને પણ ભોગવવી પડે છે.

(૪૬૯)પાપ કરનાર પાપના દોષથી ખરડાય છે, નહીં કે તેનું ફળ

ભોગવનાર.

(૪૭૦)પાપી માણસ બીજાના ગુણ નહીં, અવગુણ જાણવા ઈચ્છે છે.

(૪૭૧)કપટીને કપટથી હણવામાં પાપ નથી.

(૪૭૨)પાપોનું ઘર લોભ છે.

(૪૭૩)એકલું પોતાના માટે રાંધનારો પાપી પાપ ખાય છે.

(૪૭૪)કોમળ માણસને પાપી બડબડિયો અને શક્તિ વગરનો માને છે.

(૪૭૫)પાપ ફળ્યા વિના રહેતું નથી. પાપ દુ:ખ આપે છે.

(૪૭૬)દંભ એ મોટું પાપ છે.

(૪૭૭)લોભમાંથી પાપ જન્મે છે.

(૪૭૮)પુણ્ય ભોગવાઈ ગયા પછી નરક ભોગવવું પડે છે.

(૪૭૯)પુત્ર માતાપિતાને 'પુમ્' નામના નરકમાંથી બચાવે છે.

(૪૮૦)ઈન્દ્રિયો પર કાબૂ ન રાખનાર નરકમાં જાય છે.

(૪૮૧)પ્રજાનું રક્ષણ નહીં કરનારો રાજા નરકમાં જાય છે.

(૪૮૨)કામ, ક્રોધ અને લોભ એ ત્રણ નરકનાં દ્વાર છે.

(૪૮૩)નિરર્થક ગુસ્સો અને ફળ વગરની દયા ન કરવી.

(૪૮૪)ઉત્પન્ન થયેલા ગુસ્સાને માફીથી ઉતારી નાખવો જોઈએ.

(૪૮૫)કામ અને ક્રોધના વેગોને જે માણસ જીવતાં સહન કરી શકે છે તે યોગી અને સુખી છે.



(૪૮૬)લોભ નરકનું દ્વાર છે.

(૪૮૭)લોભના ત્યાગ વગર શાંતિ મળતી નથી.

(૪૮૮)લોભ પાપોનું રહેઠાણ છે.

(૪૮૯)લોભી લાભને જુએ છે, વિઘ્નને નહીં. તેથી તે શોક પામે છે.

(૪૯૦)લોભથી પાપ ઉત્પન્ન થાય છે તેથી લોભનો ત્યાગ કરવો જોઈએ.

(૪૯૧)ઘરડો થાય તેનાં અંગો ઘરડાં બને છે, પરંતુ એકલી તૃષ્ણા યુવાન બને છે.

(૪૯૨)પ્રિય વસ્તુના લાભથી તૃષ્ણા ફરી સળગી ઊઠે છે.

(૪૯૩)તૃષ્ણા નાશ પામે તેના જેવું બીજું કોઈ સુખ નથી.

(૪૯૪)તૃષ્ણા ત્યજવાથી સુખ મળે છે જોકે તૃષ્ણા ઘરડી નહીં થનારી, છોડવી મુશ્કેલ અને જીવલેણ રોગ જેવી છે.

(૪૯૫) ધનમાં મમતા મૃત્યુમાં અંત પામે છે

(૪૯૬)પોતાનું ઘણું હોવા છતાં તે પોતાનું નથી એમ જે મમતાને છોડી દે તે સુખી થાય છે

(૪૯૭)વસ્તુ નાશ પામતાં તેની મમતા શોક આપે છે.

(૪૯૮)સ્વાર્થ દુ:ખ આપે છે.

(૪૯૯)સ્વાર્થનું બળ જોરદાર હોય છે.

(૫૦૦)સ્વાર્થની વાત આવે ત્યારે જ્ઞાની પણ મોહ પામે છે.

(૫૦૧)અધમ માણસને આજીવિકાના અભાવનો, મધ્યમને મરણનો અને ઉત્તમને અપમાનનો ભય હોય છે.

(૫૦૨)આંતરિક ભય સાચો હોય છે. જ્યારે બાહ્ય ભય દમ વગરનો હોય છે.

(૫૦૩)જે વસ્તુ ન હોય તેને ગુમાવવાનો ભય હોતો નથી.

(૫૦૪)વિશ્વાસને લીધે ખડો થયેલો ભય મૂળને કાપી નાખે છે. તેથી કસોટી કર્યા વગર વિશ્વાસ ન મૂકવો.

(૫૦૫)બીકણને ભય આપી શત્રુથી જુદો પાડવો જોઈએ.

(૫૦૬)ભય ન આવ્યો હોય ત્યાં સુધી તેનાથી ડરીને કામ કરવું. ભય આવી જાય પછી નીડર થઈ પ્રહાર કરવો જોઈએ.

(૫૦૭)રાજાના કારણે જ પ્રજામાં ભય ઉત્પન્ન થાય છે.

(૫૦૮)રાજાના ભયથી પ્રજા શાંત હોય છે.

(૫૦૯)વધતું દેવું, અપમાન કરાયેલા શત્રુ અને પરવા ન કરાયેલા રોગ જોરદાર ભય ખડો કરે છે.

(૫૧૦)ભયની સેંકડો બાબતો મૂરખને રોજ ઘેરી વળે છે.

(૫૧૧)કલ્યાણ ઈચ્છનારે ભયને છોડી દેવો જોઈએ.

(૫૧૨)પંડિત, મૂરખ, લોભી અને કપટથી જીવનારા નિર્દોષને દોષવાળું બતાવે છે.

(૫૧૩)કપટીને કપટથી મારવો જોઈએ. પરંતુ સારા માણસ સાથે સારી





રીતે વર્તન કરવું જોઈએ. દેવોએ પણ કપટથી રાક્ષસોને હરાવ્યા છે.

(૫૧૪)નસીબની ઉપાસના કરે તે કાયર છે.

(૫૧૫)શૂરવીરોનાં કુટુંબમાં કાયર પણ જન્મે છે.

(૫૧૬)કાયરો વચનોથી ભરેલા હોય છે.

(૫૧૭)શૂરવીરનો મિત્ર કાયર નથી હોતો.

(૫૧૮)કાયર, આળસુ, અભિમાની, રાહ જોનાર અને બીકણ માણસ વસ્તુને મેળવી શકતા નથી.

(૫૧૯)બુદ્ધિ અને ગુસ્સા વગરનો માણસ બીજાને કાયર બનાવે છે.

(૫૨૦)કર્મ વગર અન્યાયને સ્વીકારનારો રાજા કાયર છે.

(૫૨૧)વગર બોલાવ્યે આવનાર, વગર પૂછ્યે બહુ બોલનાર અને વિશ્વાસ ના કરવા જેવાનો વિશ્વાસ કરનાર મૂરખ છે.

(૫૨૨)અજ્ઞાની હોવા છતાં ઉદ્ધત, ગરીબ હોવા છતાં અભિમાની, કામ કર્યા વિના ધન મેળવવા ઈચ્છનાર મૂરખ છે.

(૫૨૩)પોતે દોષવાળો હોય છતાં એ દોષ બદલ બીજાની નિંદા કરનાર અને માલિક ન હોવા છતાં ગુસ્સે થનાર સૌથી વધારે મૂરખ છે.

(૫૨૪)મૂરખ પોતાના તાનમાં સુખી હોય છે અને અમુક વસ્તુઓ મેળવે છે.

(૫૨૫)શોકની હજારો વસ્તુઓ અને ભયની સેંકડો વસ્તુઓ મૂરખને રોજ ઘેરી વળે છે.

(૫૨૬) કાર્યને વધારનાર, બધે શંકા કરનાર અને ઉતાવળે કરવાની વસ્તુ ધરી કરનાર મૂરખ છે.

(૫૨૭) સંસારમાં આસક્તિવાળો, ધન અને અનાજની ચિંતામાં રહેલો મૂરખ મોક્ષના સુખની માહિતી વગરનો હોય છે.

(૫૨૮) આપવડાઈ કરનારો મૂરખ લોકપ્રિય બનતો નથી.

(૫૨૯) મૂરખ વાતચીતમાં ખોટું વાક્ય પકડી લે છે.

(૫૩૦) માફી આપનારો અને ગુસ્સો નહીં કરનાર પુરુષ પણ નથી કે સ્ત્રી પણ નથી.

(૫૩૧) મોટું અને અદ્‌ભૂત કામ ન કરનાર પુરુષ નથી કે સ્ત્રી પણ નથી.

(૫૩૨) કામ કરવામાં બીજાથી આગળ નીકળનાર સાચો પુરુષ છે.

(૫૩૩) કામની કદર કરનાર, સહન નહીં કરનાર કે માફ નહીં કરનાર ખરો માણસ છે.

(૫૩૪) ઘડપણથી દીન બનેલો, દયાવાળો, વિલાપ કરતો, દુઃખી અને રડતાં સગાંઓ વચ્ચે મૃત્યુ પામનારો ખરો માણસ નથી.

(૫૩૫) શત્રુઓનાં દુઃખોમાંથી છૂટનારો ખરો માણસ છે.

(૫૩૬) શ્રેષ્ઠ મુકાબલો કરનાર સાચો માણસ છે.

(૫૩૭) સમર્થ હોવા છતાં અહંકાર નહીં કરનારો ખરો માણસ છે.

(૫૩૮) માફી આપી ગુસ્સો ઉતારનાર ખરો માણસ છે.

(૫૩૯) ગરીબ માણસ માટે જીવવા કરતાં મૃત્યુ વધારે સારું છે.

(૫૪૦) ગરીબ માણસથી સહુ મોં ફેરવી લે છે.



(૫૪૧) ગરીબના આ લોક અને પરલોક બન્ને નકામા હોય છે.

(૫૪૨) ગરીબ માણસ પતિત માણસ જેવો જ હોય છે.

(૫૪૩) ગરીબ હોવું આ જગતમાં પાપ છે.

(૫૪૪) ગરીબ હોવું આ જગતમાં પાપ છે.

(૫૪૫) ગરીબનાં સગાં તેમનું સગપણ ભૂલી જાય છે.

(૫૪૬) ગરીબનો મિત્ર ગરીબ હોય છે.

(૫૪૭) ગરીબને લાકડાં પણ પચી જાય તેવી પાચનશક્તિ હોય છે.

(૫૪૮) ગરીબ માણસ મરેલો છે.

(૫૪૯) ગરીબો હંમેશાં વધુ સ્વાદિષ્ટ ભોજન લે છે, કારણ કે તેમની ભૂખને કારણે સ્વાદ વધારે લાગે છે.

(૫૫૦) ધનથી બળ વગેરે મળે છે. તે બધું મેળવીને દુઃખી તરી જાય છે.

(૫૫૧) આફત માટે ધન બચાવવું જોઈએ. ધન કરતાં પત્ની અને તે કરતાં પોતાની જાત ચઢિયાતી હોવાથી બચાવવી જોઈએ.

(૫૫૨) ધન વાળાનાં સૌ સગાં થાય છે.

(૫૫૩) ધનનું ફળ દાન અને ભોગ છે.

(૫૫૪) દાની ન હોય એવા ધનિકને પાણીમાં ડુબાડવો જોઈએ.

(૫૫૫) ધન દાનથી મેળવવું જોઈએ.

(૫૫૬) ધનનો નાશ થતાં વધુ દુઃખ થાય છે.